હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મિત્રો... આજના બે ઉપદેશ છે... પહેલું સાધ્વીજીએ કહ્યું એમ... 'કર્મયોગ'.. નોટો કમાઈ બેંમાં જમા કરાવો અને જેટલી પરત મળે તેમાં ખુશ રહો... બીજું... નોટ અને નારી પર બહુ ભરોસો ન રાખો...!!

ગાંધીનગર જિલ્લાના ૨૦ ગામોને ડિજીટલ વિલેજ બનશે

વર્ષ- ૨૦૧૭ના આરંભે જ દોલારાણા વાસણા ડિજીટલ વિલેજ બનશે : દેના બેંક દ્વારા સૌથી વધુ ગામો ડિજીટલ વિલેજ બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ૨૦ ગામોને ડિજીટલ વિલેજ બનાવવામાં આવશે. આ ગામોમાંથી ૧૨ જેટલા ગામોને ડિજીટલ વિલેજ બનાવવાની કામગીરી વાઈબ્રન્ટ પહેલા પુરી કરવામાં આવનાર છે. ૨૦ગામોમાંથી સૌથી વધુ ડિજીટલ ગામો બનાવવાની જવાબદારી દેનાબેંક લીધી છે. વર્ષ– ૨૦૧૭ના આરંભે જ દોલારાણા વાસણા ગામ ડિજીટલ બની જશે.

ગાંધીનગર જિલ્લામાં ડિજીટલ વિલેજ બનાવવાના સુચારું આયોજન અર્થે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને બેંકોના અધિકારીઓની બેઠક મળી હતી. આ બેઠકમાં કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં અન્ય જિલ્લા કરતાં બેંકોનું નેટવર્ક ઘણુ સારું છે. ગાંધીનગર રાજયનું પાટનગર છે, જેથી ડિજીટલ જિલ્લા બનાવવાની દિશામાં આપણે અગ્રેસર રહેવાની હાંકલ સર્વ બેંકના અધિકારીઓને કરી હતી.

આજેની બેઠકમાં ગાંધીનગર જિલલાના ૨૦ ગામોને ડિજીટલ વિલેજ બનાવવા માટેનુંનક્કી કરવામાં આવ્યુંહતું. ડિજીટલ વિલેજ બનાવવા માટે દેલવાડ, હડમતિયા, ઈશ્વરપુરા, હિંમતપુરા, ગુલાબપુરા, માધવગઢ, દોલારાણાવાસણા, હરખજીના મુવાડા, અનોડિયા, સોનારડા, વાસણા, બોરીસણા, સોનીપુર, પોર, વડવાસ્વામી, બિલેશ્વરપુરા, પહાડીયા, જીવનરાજજીના મુવાડા, મોખાસણ અને અમરાપુરાનો સમાવેશ થાય છે. આ ગામોમાંવિવિધ બેંક દ્વારા સર્વે કરવામાં આવશે. ત્યારબાદ આ ગામના દુકાનદારો પી.ઓ.એસ અને ઈ-પેમેન્ટથી જ નાણાં સ્વીકારે તે માટેની જાગૃતિ આપવામાં આવશે. આ જાગૃતિ લાવવા માટે ગામના નવયુવાનો, ગ્રામમિત્રો, તલાટીઓની અને બેંક મિત્રોની પણ મદદ લેવામાં આવશે. ડિજીટલ પેમેન્ટના ફાયદાઓની પણ સમજ આપવામાં આવશે. તેની સાથે સાથે ડિજીટલ વિલેજ બનાવવાની કામગીરીની સુચારું વ્યવસ્થા કરવા માટે જિલ્લાના કલાસ વન અધિકારીની પણ લાયઝન અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવનાર છે.

ડિજીટલ વિલેજ માટે યોજાયેલ બેઠકમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ બેંક, બેંક ઓફ બરોડા, એક્સીસ બેંક, યુનિયન બેંક, દેના બેંક સહિત અનેક બેંકના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ. જાડેજા, લીડ બેંકના એલ.ડી.એમ શ્રી એ.એલ. જેતાવત, નાયબ કલેકટર શ્રી વેગડા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

હવે બાળકો મોબાઈલ એપથી નાતાલની ડિઝીટલ ઉજવણી કરશે

શહેરની આઈટી કંપની દ્વારા ''મેઝીક એઆર ક્રિસમસ''નામની એન્ડ્રોઇડ ગેમ લોન્ચ કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

લો...નાતાલ આવી ગઈ અને ખુશીઓ લાવી... આ વર્ષે તો ગાંધીનગરમાં નાતાલ પણ ''ડિઝીટલ''સ્વરૂપે આવી છે. શહેરની આઈટી કંપની દ્વારા નાતાલના ઉત્સવે ''મેઝીક એઆર ક્રિસમસ'' નામની મોબાઈલ એપ લોન્ચ કરી છે જે બાળકોને નાતાલનું ડિઝીટલ સેલિબ્રેશન કરાવી ભરપૂર મનોરંજન પુરૂ પાડશે. આ એપ એન્ડ્રોઈડ મોબાઈલ માટે વિનામૂલ્યે પણ ઉપલબ્ધ છે.

નાતાલમાં કેટલીક પરંપરાગત ચીજવસ્તુઓ બાળકોને ખૂબ જ આકર્ષે છે જેમાં ક્રિસમસ ટ્રી, બેલ્સ એટલે કે ઘંટડીઓ, બૉલ્સ, સ્ટાર્સ, કેન્ડી, ગીફ્ટસ, સોક્સ એટલે કે મોજાં, સીરીઝ લાઈટ, ફાયર અને સ્નોફોલ વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ તીજવસ્તુઓ નાતાલની ઉજવણી માટે સુશોભન કરવામાં આવશ્યક ગણાય છે. ''મેઝીક એઆર ક્રિસમસ'' મોબાઈલ એપ શહેરના ૩ થી ૧૦ વર્ષના બાળકોને પસંદ આવશે. બાળકોએ આ ચીજવસ્તુઓની એક ડિઝાઈન મોબાઈલ એપથી પ્રિન્ટ કાઢી તેમાં રંગપૂરણી કરવાની હોય છે. આ રંગપૂરણી કર્યા બાદ મોબાઈલ એપ ચાલુ કરી તેની સામે ધરવાથી તે રંગ મુજબનું એક થ્રીડી ચિત્ર ઓટોમેટિક મોબાઈલમાં ઉપસી આવે છે જેને એક ફ્રેમમાં ગોઠવી અવનવુ સુશોભન તૈયાર કરી શકાય છે. એકવાર આ સુશોભન તૈયાર થઈ જાય એટલે તેની પ્રિન્ટ કાઢી ઘરમાં પણ સજાવી શકાશે. તથા તેને અન્ય મોબાઈલ પર શેર પણ કરી શકાશે. જેથી બાળકોને રંગ પૂરવા ઉપરાંત મોબાઈલ ગેમથી નાતાલ ઉજવ્યાનો આનંદ પ્રાપ્ત થશે.

સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા આયોજીત નવચંડીયજ્ઞ તથા સ્નેહમિલન યોજાશે

વડોદરા, તા. ૨૨

સમસ્ત શ્રીમાળી સોની પાટડિયા પરિવાર આયોજીત ૨૧મો નવચંડી યજ્ઞ તથા વાર્ષિક સ્નેહમિલન સંમેલન ૨૫મી ડિસેમ્બર-૨૦૧૬ના રોજ તુલજા ભવાની મંદિર રણુગામ પાદરા વડોદરા ખાતે યોજાશે.

આ ધાર્મિક પ્રસંગે મંગલાઆરતી, નવચંડી યજ્ઞ પ્રારંભ, ધજા આરોહણ, ડાયરો, દીપપ્રાગટ્ય, મહંતનું આશીર્વચન આભાર દર્શન, મહાપ્રસાદ, ભોજન સમારંભ, શ્રીફળ હોમ વગેરે કાર્યક્રમ યોજાશે.

''મા કર્મયોગી યોજના'' ફિક્સ પગારના કર્મીઓ માટે

ગાંધીનગર, તા. ૨૨

ફિક્સ પગારના કર્મચારીઓ માટે મા વાત્સલ્ય યોજનાની પેટર્ન મુજબ ''મા કર્મયોગી'' યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાશે .ફિક્સ પગારના કર્મચારીઓને આરોગ્ય સેવાઓના ખર્ચ માટેની કોઈ જોગવાઈ હતી નહિ આથી રાજ્ય સરકારે વિચારણાને અંતે ''મા કર્મયોગી'' યોજના અમલમાં મુકવાનો નિર્ણય લીધો છે.

આ યોજના અંગે હવે આરોગ્ય વિભાગે જ તમામ કાર્યવાહી કરવાની હોઈ તે અંગેની કાર્યપદ્ધતિ પણ નક્કી કરવામાં આવી રહી છે.

''મેક ઈન ઈન્ડિયા''માં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચાવીરૂપ ભૂમિકા ભજવશે

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે ૫૦ લાખથી વધુના ખર્ચે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનો પ્રારંભ કરાયો : ઉદ્‌ઘાટન પ્રસંગે ઉદ્યોગમંત્રી રોહિત પટેલે આ સેન્ટરનો મહત્તમ લાભ લેવા વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા

ગાંધીનગર, તા. ૨૨

''રાષ્ટ્રને ઉત્તમ આયાત વિકલ્પો આપી શકો તેવુ કૌશલ્ય આ સાહસિકો પણ પદ્ધતિસરની તાલીમ મેળવી શકશે. આ સેન્ટરનું રાજ્યના ઉદ્યોગ, ખાણ અને ખનીજ કોમ્પ્યુટરાઈઝડ મશીનો રાજ્ય સરકાર દ્વારા આપી સરકાર માન્ય ડેવલપમેન્ટ સેન્ટરનો પ્રારંભ કરાયો

સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર થકી તમે શીખજો'. રાજ્યના ઉદ્યોગ, ખાણ અને ખનિજ મંત્રી રોહિત પટેલે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સે. ૧૫ એલડીઆરપી કેમ્પસ ખાતે ''સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર''નું ઉદ્‌ઘાટન કરતા વિદ્યાર્થીઓને આ શીખ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મમતા મશીનરી પ્રા. લિમિટેડના ચેરમેન મહેન્દ્રભાઈ પટેલે વિદ્યાર્થીઓને સફળતા માટે શીખવાની અને ભૂલવાની બંને તૈયારીઓ રાખવા જણાવ્યું હતું. તથા ''જુગાડ'' જેવા શોર્ટકટથી દૂર રહેવા ચેતવ્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે એ લ ડી આ ર પી-આઈ ટી આર કેમ્પસમાં આજે ગ્રીન કેએસવી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ સેન્ટર થકી મિકેનિકલ શાખાના વિદ્યાર્થીઓ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રે સંકળાયેલા કર્મચારીઓ તથા પોતાનો સ્વતંત્ર વ્યવસાય ઉભો કરવા માંગતા ઉદ્યોગ વિભાગના મંત્રી રોહિત પટેલે ઉદ્‌ઘાટન કરવા સાથે સેન્ટરને પ્રધાનમંત્રી કૌશલ્ય વર્ધન યોજના અંતર્ગત આપવામાં આવેલા બે મહાકાય સીએનસી અને વીએમસી મશીનો કામગીરી નિહાળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આશરે રૂ. ૫૦ લાખની કિંમતના સંપૂર્ણ ઓટોમેટિક સીઈડીના ડાયરેક્ટર ડૉ. રામનાથ પ્રસાદ, ઈન્ડેક્ષ-બીના ડાયરેક્ટર ડૉ. ચંદન ચેટર્જી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ, ગ્રીનફિલ્ડ કન્ટ્રોલ સીસ્ટમના માર્કેટીંગ ડાયરેક્ટર જી.ડી. પટેલ તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આશરે ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરેલા એલડીઆરપી હોલ ખાતે યોજાયેલ સમારંભમાં મંત્રી રોહિત પટેલે કડી સર્વ વિશ્વ વિદ્યાલયને કૌશલ્ય આધારિત શિક્ષણ પર પ્રાધાન્ય આપવા બદલ અભિનંદન પાઠવતા વડાપ્રધાનના ''મેક ઈન ઈન્ડિયા'' પ્રોજેક્ટમાં આ કેન્દ્ર નોંધપાત્ર યોગદાન આપી શકશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. ઉદ્યોગપતિ મહેન્દ્રભાઈ પટેલે કડી સર્વ વિશ્વ વિદ્યાલયની પ્રસંશા કરતા કહ્યું હતુ કે બહુ ઓછી યુનિવર્સિટીમાં ભણતર સાથે આવડત પણ મળે છે માટે તેનો ભરપુર લાભ લેવા વિદ્યાર્થીઓને આહવાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના કો.ઓર્ડિનેટર પ્રો. ડૉ. દિવ્યાંગ પંડ્યા તથા કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

લેટેસ્ટ મશીનરીથી સજ્જ સર્વ પ્રથમ સંપૂર્ણ ઓટોમેટિક સેન્ટર

ગ્રીન કેએસવી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં આશરે રૂ. ૫૦ લાખની કિંમતના બે અત્યાધુનિક વીએમસી અને સીએનસી મશીનો કાર્યરત કરાયાં છે. આ મશીનો સંપૂર્ણપણે કોમ્પ્યુટર સંચાલિત ઓટોમેટિક મશીન છે. જેના દ્વારા કોઈપણ પ્રકારની ધાતુ પર કાર્ય થઈ શકે છે. આ મશીનો દ્વારા ઔદ્યોગિક મશીન ટૂલ્સનું ઉત્પાદન કરી શકાય છે તથા મશીનમાં પેદા થયેલ વેસ્ટનું પણ એકત્રીકરણ કરી તેને રિ-સાયકલ કરવામાં આવે છે. આ સેન્ટરમાં કોઈપણ પ્રકારની મિકેનિકલ શાખાના વિદ્યાર્થીઓ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રે કાર્યરત કર્મચારીઓ, નવા ઉદ્યોગ સાહસિકો વગેરે પણ તાલીમ મેળવી પોતાના ધંધા-વ્યવસાયને કે ઉદ્યોગને વધુ સારી રીતે વિકસાવી શકશે.

જનઆક્રોશ મહાસંમેલન અંગે ચર્ચા વિચારણા

રાજ્યમાં આશાવર્કર્સ, ફિક્સ પગારદારો તથા બેરોજગારો દ્વારા તા. ૧લી જાન્યુઆરીએ વિશાળ મહાસંમેલન યોજવા તજવીજ હાથ ધરાઈ હતી પરંતુ તેને પોલીસે પરવાનગી ના આપતા આંદોલનકારીઓએ હાઈકોર્ટમાં ધા નાંખી હતી. અંતે હાઈકોર્ટે આંદોલનકારીઓની તરફેણમાં ચુકાદો આપતા આગામી તા. ૧લી જાન્યુઆરીએ ''જનઆક્રોશ મહા સંમેલન''ના આયોજન અંગે બેઠક યોજી ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

માંડવી ટેપ વીથ મર્ડર કેસમાં ન્યાય અપાવવા એસપીજી દ્વારા આજે અનશન

ગાંધીનગર, તા. ૨૨

ગારીયાધાર તાલુકાના મંડવી ગામે મહિલા પર બળત્કાર ગુજારીને થયેલી હત્યા પ્રકરણમાં ન્યાયીક તપાસ થાય અને ગુનેગારોને પકડવા પોલીસ દોડતી થાય તે હેતુસર સરદાર પટેલ ગ્રુપ ગાંધીનગર દ્વારા પાટનગરમાં અનશન કરવામાં આવશે. પોલીસે અનશનની મંજુરી આપી નથી તેમ છતાં અનશન કરવામાં આવશે તેવું જાણવા મળ્યુંછે.

પાટનગરમાં સરદાર પટેલ ગ્રુપ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન : પોલીસે અનશનની મંજુરી ન આપી

બીજી ડિસેમ્બરના રોજ ગારીયાધાર તાલુકાના માંડવી ગામે રેપ વીથ મર્ડરની હિચકારી ઘટના બની હતી. હજુ સુધી આ ગુનાના આરોપીઓ આઝાદ ફરી રહ્યા છે. પોલીસ આરોપીઓ સુધી પહોંચી શકી નથી. બે દિવસ પહેલા સરદાર પટેલ સેવાદળ દ્વારા ગૃહમંત્રી, મુખ્યમંત્રી અને રાજ્ય પોલીસ વડાને આવેદન પત્ર આપી ન્યાયીક તપાસ કરી ગુનેગારોને પકડવા અલ્ટીમેટમ આપ્યુ હતુ. સરદાર પટેલ ગ્રુપના હોદ્દેદારો દ્વારા પાટનગરમાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરવા પોલીસ પાસે મંજુરી માંગી હતી. જો કે પોલીસે મંજુરી આપી નથી. તેમ છતાં એસપીજીના હોદ્દેદારો ગૌરાંગ પટેલ, પુર્જાન પટેલ તેમજ કાર્યકરો સાથે પાટનગરમાં આવતીકાલે શુક્રવારે અનશન પર બેસશે.

આજે માણસા ખાતે ગાયત્રી પરીવાર સંચાલિત અંગ્રેજી, ગુજરાતી મિડિયમની સ્કૂલનો શુભારંભ

અખીલ વિશ્વ ગાયત્રી પરીવાર માણસા, જી. ગાંધીનગર દ્વારા સંચાલીત સીબીએસઈ (અંગ્રેજી, ગુજરાતી મિડીયમની કેજી-૧-૨ થી ધોરણ-૮ સુધીની માનવીય મુલ્યોના જતન થકી માનવમાં દેવત્વનો ઉદય માટે અને ભારતીય સંસ્કૃતિના જતન અર્થે પૂર્ણ સગવડો સાથેની સંપુર્ણ માળખાકીય સુવિધા સાથેનું એક શૈક્ષણિક સંકુલનું નિર્માણ પૂર્ણ થઈ ગયેલ છે. આ વિદ્યાધામનો શુભારંભ અખિલભવન ગાયત્રી પરીવારના વડા પરમ શ્રદ્ધેય ડો. પ્રણવ પંડ્યાજી અને આદરણીય શૈલબાળા(દાદી)ના કર કમલો દ્વારા ૨૩-૧૨-૨૦૧૬નમે શુક્રવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે સંપન્ન થવા જઈ રહેલ છે. આ શુભારંભમાં શહેરના નાગરીકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

હોસ્પિટલના એકસ-રે વિભાગમાં કામ કરતા ૧૦ કર્મચારીઓને ફરજ મુક્ત કરાયા

ફરીવાર હોસ્પિટલ તંત્રએ કર્મચારીઓ આગળ કવોલીફાઈડનું બહાનું ધર્યું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી વધુના સમયથી એકસ-રે વિભાગમાં ફરજ બજાવતા ખાનગી એજન્સીના કર્મચારીઓને ગુરુવાર સાંજથી ફરજ મુકત કરાયા છે. ફરીવાર કર્મચારીઓને તંત્ર એ એકસ-રે ટેકનીશિયનની ડિગ્રીનું બહાનું આગળ ધરીને ના પાડી છે. ત્યારે કર્મચારીઓની અચાનક નોકરી છુટી જતા ચિંતિત થઈ જવા પામ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી વધુના સમયથી ૧૦ કર્મચારીઓ એકસ-રે વિભાગમાં ફરજ બજાવે છે. આ કર્મચારીઓને અગાઉ પણ તંત્ર અને ખાનગી એજન્સી દ્વારા કવોલીફાઈડના નામે કાઢી મુકવામાં આવ્યા હતા. એકસ-રે વિભાગમાં શુક્રવારના રોજથી કવોલીફાઈડ કર્મચારીઓ એકસ-રે વિભાગમાં હાજર થવાના છે. જે ઓ એ અમદાવાદ ખાતે ચાલતા તાલીમવર્ગમાં તાલિમ મેળવેલી છે. આ કર્મચારીઓની ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે નિમણુંક કરાતા આ ગ્રેજયુએટ કર્મચારીઓની એજન્સી અને તંત્ર દ્વારા હકાલપટ્ટી કરવામાં આવી છે. ત્યારે છુટા થઈ ગયેલા કર્મચારીઓને અત્યારે હાલના નોટબંધીના માહોલમાં જાયે તો જાયે કહા જેવો ઘાટ સર્જાયો છે. આજની મોંઘવારીમાં માંડ કમાઈને પોતાનું અને પરિવારનું ભરણપોષણ કરતા કર્મચારીઓને નોકરીમાંથી કાલથી ના આવતા કહેવામાં આવ્યું ત્યારે કર્મચારીઓના માથે આભ તુંટી પડ્યું છે. હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટને પણ મળવા ગયેલા કર્મચારીઓને માત્ર નિરાશા જ હાથ લાગી હતી. સિવિલ સુપ્રિટેન્ડન્ટે કવોલીફાઈડ માણશો મળ્યા એટલે તમને છુટ્ટા કરી દેવામાં આવે છે તેમ જણાવ્યું હતું. જયારે અત્યાર સુધી કવોલીફાઈડ કર્મચારીઓ નહોતા તો શું કામ ફરજ પર રાખ્યા તે પણ પ્રશ્ન ઉભો થવા પામે છે ? ત્યારે આગામી સમયમાં એકસ-રે ટેકનીશીયનને પગલે હોસ્પિટલમાં આવતા દર્દીઓને હેરાનગતિનો સામનો કરવાનો વારો આવશે. ત્યારે હોસ્પિટલ તંત્ર દર્દીઓના હીતમાં શું પગલા ભરે છે તે જોવું રહ્યું ...?

સે-૬માં ખેડુત શાકભાજી માર્કેટ ઉભુ કરવા શિવરંજની વસાહત મંડળ દ્વારા તંત્રને રજુઆત

ગાંધીનગર શહેરમાં ખેડુત શાકમાર્કેટનો તંત્રનો પ્લાન સફળ થવા પામ્યો છે. રવિવારના રોજ શહેરીજનો મોટીસંખ્યામાં શાકભાજી ખરીદવા માટે માર્કેટમાં પહોંચી જાય છે. તંત્ર દ્વારા ગણ્યાં ગાંઠ્યા સ્થળો પર આ શાકભાજીનો પ્રોજેકટ શરુ કરવામાં આવ્યો છે. ત્યારે સેકટર-૬ શાકમાર્કેટની પાસેની ખુલ્લી જમીનમાં ખેડુત શાકમાર્કેટ ઉભુ કરવામાં આવે તેવી તંત્ર સમક્ષ રજુઆત શિવરંજની વસાહત મંડળ દ્વારા કરવામાં આવી છે. જો આ સ્થળ પર ખેડુત શાકમાર્કેટ ઉભુ કરવામાં આવે તો સે-૩ થી ૬ ના વસાહતીઓને લાભ મળી શકે તેમ છે.

શહેરમાં શાકભાજીની ખરીદી માટે ગણતરીના બજારો જ છે. જેથી નાગરીકોને વેપારીઓ જે ભાવે શાક વેચાણ કરે તે ભાવે ખરીદવાની ફરજ પડે છે. શહેરના સેકટર-૬, ૭, ૨૧, અને ૨૪માં શાકમાર્કેટ આવેલા છે. જયાં નવા સેકટરોના વસાહતીઓ પાસેથી તો વેપારીઓ ખુબ પૈસાદાર નાગરીકો સમજીને શાકભાજીનો ભાવ બમણો કરી દે છે. કારણ કે ખબર છે કે દુર સુધી જવાના નથી અને આ સ્થળે થી જ શાકભાજીની ખરીદી કરશે. વેપારીઓ દ્વારા થતી ઉંઘાડી લુંટને પગલે તંત્ર દ્વારા શહેરમાં ખેડુત શાક માર્કેટ ઉભા કરવામાં આવ્યા છે. જયાં ખેડુત સીધુ ગ્રાહકને વેચાણ કરે છે. જેથી ગ્રાહકને બજાર કરતા સારુ અને સસ્તુ શાકભાજી મળે છે જયારે ખેડુતને પોતાને પોષણક્ષમ ભાવ મળી રહે છે. તંત્રનો આ પાયલોટ પ્રોજેકટ નાગરીકોમાં લોકપ્રિય બનતો જાય છે. નાગરીકો શાકભાજીની ખરીદી માટે રવિવારની રાહ જોતા હોય છે. ત્યારે સેકટર-૬ના શાકમાર્કેટની ખુલ્લી જમીનમાં તંત્ર દ્વારા ખેડુત શાકમાર્કેટ ઉભુ કરવામાં આવે તેવી માંગણી સેકટર-૬ના શિવરંજની વસાહત મંડળ દ્વારા કરવામાં આવી છે તેમજ આ શાકમાર્કેટનો લાભ સે-૩ થી ૬ના વસાહતીઓને મળી રહે. જેથી નાગરીકોને અત્યારે હાલના સમયે ખેડુત માર્કેટમાં ખરીદી માટે દુર જવુ પડે છે. તે નજીકના સ્થળે ઉપ્લબ્ધ થાય તેવી માંગ રહિશોની છે.